૨

ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને વર્ષ
૨૦૧૭-૧૮ માટે રૂ.૧૦૦.૦૦ લાખની
વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:સશપ-૧૦૨૦૦૩-૧૦૦૧(પા.ફા.)-અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- /૧૨/ ૨૦૧૭
29 DEC 2017

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૦-૪-૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક: બીયુડી-૧૦૨૦૧૭-૧૬૪૩૧૬-બ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૯-૦૬-૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: સશપ-૧૦૨૦૦૩-૧૦૦૧(પા.ફા.)-અ૧

(૨) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો તા.૨૭/૧૨/ ૨૦૧૭નો પત્રક્રમાંક:પવવિનિ/હિસાબી/૧૬૪૧૪/૧૭

ઠ રા વ:-

ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમને નાણાકીય વર્ષ ૨૦૧૭ - ૧૮ માટે કચેરીના વહીવટી ખર્ચ માટે વર્ષ ૨૦૧૭ - ૧૮ માં રૂ.૧૫૦.૦૦ ( અકે રુપિયા એક સો પચ્ચાસ લાખ પુરા) લાખની વહીવટી ગ્રાન્ટની જોગવાઇ કરવામાં આવેલ છે જે અન્વયે આ વિભાગના વંચાણ (૧) સામે દર્શાવેલ તા. ૧૦-૦૪-૧૭ ના ઠરાવથી આ ગ્રાન્ટની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણ ક્રમાંક (૨) હેઠળના વિભાગના ઠરાવથી રૂ.૫૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમને હવાલે મૂકવા ઠરાવ કરેલ હતો. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના વંચાણ હેઠળના ક્રમાંક (૩) પરના પત્રથી બાકી રહેતી રૂ.૧૦૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ ગુજરાત પછત વર્ગ વિકાસ નિગમના હવાલે મુકવાની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે રૂ.૧૦૦.૦૦ લાખ(એકે રુપિયા સો લાખ પુરા)ની વહીવટી ગ્રાન્ટ ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

૨.	આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને હવાલે મુકવાની રહેશે.

૩.	ઉપર્યુકત મંજુર કરવામાં આવેલ વહીવટી ગ્રાન્ટ જે તે હેતુ માટે છુટી કરવામાં આવે છે, પગાર ભથ્થાં અને નિગમના અનિવાર્ય વહીવટી ખર્ચ સિવાયના અન્ય હેતુ માટે સરકારશ્રીની પૂર્વ મંજૂરી સિવાય વાપરી શકાશે નહિં. આ અગાઉ તેમજ આ ઠરાવથી છૂટી કરવામાં આવેલ વહીવટી ગ્રાન્ટની રકમમાંથી કરવામાં આવેલ ખર્ચની વિગતો તાત્કાલિક અત્રે રજૂ કરવાની રહેશે અને નિગમને ૩ ટકા લેખે જે સર્વિસ ચાર્જ મળે છે, તે રકમમાંથી મહેકમ ખર્ચ કરવાનો રહેતો હોઇ, વસુલાત માટે નિગમે સઘળા પ્રયત્નો કરવાના રહેશે.

૪.	સને ૨૦૧૭-૧૮ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૫.	આ ખર્ચ કરતા પહેલા નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

૬.	આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૭.	જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૮.	હવે પછી મળવાપાત્ર ગ્રાન્ટ માંગતા પહેલાં ખર્ચના હિસાબો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

૯.	આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૨ મુખ્ય સદર-૨૨૨૫-અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ ગૌણ સદર-૧૯૦ જાહેર અને ઉપક્રમોમાં રોકાણ પેટા સદર: ઓબીસી-૧૦ ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ બીસીકે-૧૦૮ આર્થિક વિકાસ નિગમ અને બોર્ડ ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને સહાય હેઠળ ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાકીય વર્ષમાં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહશે.

૧૦.	આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર વિભાગના અગ્રસચિવશ્રી(સા.ન્યા) ની તા.૨૯-૧૨-૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ભાવિન પટેલ)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ-</u>

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.
- કોમ્પ્યુટર સેલ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર